# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### બાળ - ૧ : પ્રેક્ટિસ પેપર - ૨

### જવાબપત્ર - ૨

સમય : ૨ કલાક
કુલ ગુણ : ૧૦૦

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૧૦]**

**વિભાગ-અ**

**(પીપલાણા, લોજ, જેતલપુર, ૧૮૫૮, સ્વામિનારાયણ, ૧૮૫૯)**

**૧.** રામાનંદ સ્વામીનો આશ્રમ **લોજ** ગામમાં હતો.

**૨.** મહારાજે **જેતલપુર** માં અહિંસક યજ્ઞ કર્યો.

**૩.** રામાનંદ સ્વામી અને નીલકંઠનો પ્રથમ મેળાપ **પીપલાણા** ગામમાં થયો.

**૪.** રામાનંદ સ્વામીએ સંવત **૧૮૫૮** મહારાજને ગાદી સોંપી.

**૫.** દેવીએ મગનીરામને **સ્વામિનારાયણ** ને શરણે જવાનું કહ્યું.

**વિભાગ-બ**

**(સાચું, અભ્યાસ, મંદિર, મુક્તાનંદ, અધર્મ, ધર્મ)**

**૬.** **અભ્યાસ** થી સૌના પ્રિય બનાય છે.

**૭.** સત્યમ વદ્ એટલે **સાચું** બોલો.

**૮.** આરતી **મુક્તાનંદ** સ્વામીએ બનાવી છે.

**૯.** ભગવાનનાં ઘરને **મંદિર** કહે છે.

**૧૦.** એકડે મીંડે દસ **અધર્મ** માંથી ખસ.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| ૧. | રામાનંદ સ્વામીએ પોતાની ગાદી મુક્તાનંદ સ્વામીને આપી. | ૧. | ✗ |
| ૨. | મુક્તાનંદ સ્વામી ઉંમરમાં મહારાજ કરતાં મોટા હતાં. | ૨. | ✓ |
| ૩. | કેટલાકને મહારાજની ચીખડીનો અવાજ સાંભળીને સમાધિ થતી. | ૩. | ✓ |
| ૪. | જોબનપગી એક મોટો સોદાગર હતો. | ૪. | ✗ |
| ૫. | બાવાઓ મહારાજના સાધુઓને મારે તો પણ સાધુઓ સામું મારતા નહીં. | ૫. | ✓ |
| ૬. | રામાનંદ સ્વામીએ નીલકંઠને ગઢડામાં દીક્ષા આપી. | ૬. | ✗ |
| ૭. | ગુરુ આપણને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. | ૭. | ✓ |
| ૮. | કાશીની સભામાં પડેલો મતભેદ ધર્મદેવે ઉકેલ્યો. | ૮. | ✗ |
| ૯. | રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામી પાસે બે વરદાન માંગ્યા. | ૯. | ✗ |
| ૧૦. | શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, માતા, પિતા, ગુરુ અને બિમારની સેવા કવી. | ૧૦. | ✓ |

**પ્ર.૩ નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

૧. ઘનશ્યામની પરીક્ષા લેવા કેટલી વસ્તુ પાટલા ઉપર મુકી હતી ?

(૧) બે **(૨) ત્રણ** (૩) પાંચ — ૧. ૨

૨. મહારાજની સવારી કયા ગામમાં નીકળી હતી ?

**(૧) જુનાગઢ** (૨) કચ્છ (૩) ભાવનગર — ૨. ૧

૩. કાશીમાં વિદ્વાનોની સભામાં અધ્યક્ષ કોણ બન્યું ?

(૧) ઘનશ્યામ (૨) શંકરાચાર્ય **(૩) ધર્મદેવ** — ૩. ૩

૪. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને ક્યારે દીક્ષા આપી ?

**(૧) કારતક સુદ અગિયારશ** (૨) કારતક વદ આગિયારશ (૩) ચૈત્ર વદ અગિયારશ — ૪. ૧

૫. કૃષ્ણ તંબોળીએ નીલકંઠવર્ણીને શું (ખવડાવ્યું) આપ્યું ?

(૧) કમળ **(૨) કમળ કાકડી** (૩) કાકડી — ૫. ૨

૬. તેજાભાઈએ મહારાજે આપેલ ઈંટો ક્યાં પધરાવી છે ?

**(૧) છાણીમાં** (૨) વડતાલમાં (૩) પંઢરપુરમાં — ૬. ૧

૭. મહારાજે શિક્ષાપત્રી કોના માટે લખી છે ?

(૧) ગુજરાતીઓ (૨) હિન્દુઓ **(૩) બધા માટે** — ૭. ૩

૮. ઘનશ્યામે ગૃહત્યાગ ક્યારે કર્યો ?

**(૧) અષાઢ સુદ દશમ** (૨) જેઠ સુદ દશમ (૩) ચૈત્ર સુદ દશમ — ૮. ૧

૯. કયા શહેરમાં કાઠી દરબારો એ સામા ઘા ન કર્યા ?

(૧) વડતાલમાં **(૨) આણંદમાં** (૩) જુનાગઢમાં — ૯. ૨

**૧૦.** મહારાજની ઘોડીનું નામ શું હતું ?

**(૧) માણકી** (૨) ચેતક (૩) કેસર **૧૦.** | ૧ |

**૧૧.** ઈંડા ખાવાથી શું બગડે ?

(૧) શરીર (૨) મન **(3) બંને** **૧૧.** | 3 |

**૧૨.** પટ્ટાભિષેક વખતે સહજાનંદ સ્વામીની ઉંમર કેટલી હતી ?

(૧) ૧૮ **(૨) ૨૦** (૩) ૨૧ **૧૨.** | ૨ |

**૧૩.** ઘનશ્યામ કોની પાસે ભણતા હતા ?

(૧) રામપ્રતાપભાઈ **(૨) ધર્મદેવ** (૩) ભક્તિમાતા **૧૩.** | ૨ |

**૧૪.** મહારાજ કયા ગામમાં ધામમાં ગયા ?

**(૧) ગઢડામાં** (૨) વડતાલમાં (૩) અમદાવાદમાં **૧૪.** | ૧ |

**૧૫.** ભગતજી મહારાજના ગુરુ કોણ હતા ?

(૧) શાસ્ત્રીજી મહારાજ **(૨) ગુણાતીતાનંદ સ્વામી** (૩) મુક્તાનંદ સ્વામી **૧૫** | ૨ |

**૧૬.** 'અતિથિ દેવો ભવ' આવું કોણ શીખવે છે ?

**(૧) વેદો** (૨) સંતો (૩) શાસ્ત્રો **૧૬.** | ૧ |

**૧૭.** ઘનશ્યામે કેટલા વર્ષની ઉંમરે કાશીમાં વિદ્વાનોની સભા જીતી ?

(૧) ૯ **(૨) ૧૦** (૩) ૭ **૧૭.** | ૨ |

**૧૮.** સાધુઓ ઝાડ નીચે જપ કરતાં હતાં ત્યારે તેમના પર ઝાડ પરથી શું પડ્યું ?

(૧) માળો (૨) અજગર **(3) સાપ** **૧૮.** | 3 |

**૧૯.** ઘનશ્યામના જન્મથી કયું ગામ તીર્થ બન્યું ?

(૧) અયોધ્યા **(૨) છપૈયા** (૩) મથુરા **૧૯.** | ૨ |

**૨૦.** નીલકંઠવર્ણીએ કેટલા વર્ષ વિચરણ કર્યું ?

(૧) ૧૧ **(૨) ૭** (૩) ૯ **૨૦.** | ૨ |

**૨૧.** 'આપણે આજે કેવો ઈડરીયો ગઢ જીત્યા' એમ કોણ બોલ્યું ?

(૧) સંતો (૨) હરિભક્તો **(3) મહારાજ** **૨૧.** | 3 |

**૨૨.** રામપ્રતાપભાઈના મનનો કોયડો ક્યારે ઉકલ્યો ?

(૧) પાંચ વર્ષ પછી (૨) ૨૫ વર્ષ પછી **(3) ૩૫ વર્ષ પછી** **૨૨.** | 3 |

**૨૩.** શ્રીજી મહારાજે કયા ગામમાં છોકરાને ''સમાધિ'' કરાવી ?

**(૧) ગઢડા** (૨) વડતાલ (૩) ગોંડલ **૨૩.** | ૧ |

**૨૪.** જ્ઞાનીનું નિશાન શું ?

(૧) સોનામહોર (૨) છરી **(3) ગ્રંથ** **૨૪.** | 3 |

**૨૫.** કાશીમાં વિદ્વાનોની સભામાં અધ્યક્ષ કોણ હતું ?

(૧) ઘનશ્યામ (૨) શંકરાચાર્ય **(3) ધર્મદેવ** **૨૫.** | 3 |

**૨૬.** બાવાઓ ઘનશ્યામ મહારાજને શું કરી બોલાવતા ?

(૧) ઘનશ્યામવર્ણી **(૨) નીલકંઠવર્ણી** (૩) સરજુદાસ **૨૬.** **૨**

**૨૭.** મહારાજે અહિંસક યજ્ઞ ક્યાં કર્યો ?

(૧) અમદાવાદ (૨) ગોંડલ **(૩) જેતલપુર** **૨૭.** **૩**

**૨૮.** તેજાભાઈ વર્ણકર કયા ગામનાં હતાં ?

(૧) અમદાવાદ **(૨) છાણી** (૩) ગઢડા **૨૮.** **૨**

**૨૯.** મગનીરામ ક્યાંનો હતો ?

**(૧) દ્રાવીડ** (૨) પશ્ચિમ ભારત (૩) નેપાળ **૨૯.** **૧**

**૩૦.** રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને કયા ગામમાં ગાદી સોંપી ?

(૧) વીરપુર **(૨) જેતપુર** (૩) જેતલપુર **૩૦.** **૨**

**૩૧.** રામપ્રતાપભાઈ જ્યારે ઘનશ્યામને ગુજરાતમાં મળ્યા ત્યારે તે કયા નામથી જાણીતા (ઓળખાતા) હતા?

(૧) નારાયણ **(૨) સહજાનંદ** (૩) નીલકંઠ **૩૧.** **૨**

**૩૨.** કોના જન્મથી છપૈયા તીર્થ બની ગયું ?

(૧) રામપ્રતાપભાઈ (૨) કાલીદત્ત **(૩) ઘનશ્યામ** **૩૨.** **૩**

**૩૩.** જયરામદાસને નીલકંઠવર્ણીને સહજાનંદ સ્વામી રૂપે ક્યાં મળ્યા ?

(૧) જગન્નાથપુરી (૨) અયોધ્યા **(૩) લોજ** **૩૩.** **૩**

**૩૪.** ઘુંમટની નીચેના ભાગને શું કહેવાય ?

**(૧) મંડપ** (૨) પ્રદક્ષિણા (૩) શિખર **૩૪.** **૧**

**૩૫.** મહારાજે કયા ગામમાં કહ્યું, ''યજ્ઞ બંધ નહીં થાય.''

(૧) જેતલપુર (૨) ગઢડા **(૩) ડભાણ** **૩૫** **૩**

**૩૬.** ઈંડા ખાવાથી શું બગડે ?

(૧) શરીર (૨) મન **(૩) બંને** **૩૬.** **૩**

**૩૭.** પ્રમુખસ્વામી મહારાજનો રાજીપો લેવા આપણે કેવા બાળક બનવું જોઈએ ?

(૧) ડાહ્યા **(૨) સાચા** (૩) હોંશિયાર **૩૭.** **૨**

**૩૮.** ભગતજી મહારાજના ગુરુ કોણ હતા ?

(૧) શાસ્ત્રીજી મહારાજ **(૨) ગુણાતીતાનંદ સ્વામી** (૩) મુક્તાનંદ સ્વામી **૩૮.** **૨**

**૩૯.** મંદિરના થાંભલાઓ ઉપર કઈ મૂર્તિઓ શોભે ?

**(૧) સંતો - મુક્તો** (૨) સંત - મહંત (૩) સંત - બાવાઓ **૩૯.** **૧**

**૪૦.** પિબેકે પરચો દેખાડવા ઝાડ ઉપર શેના દાણા મંતરીને નાંખ્યા ?

**(૧) અડદ** (૨) મગ (૩) જવ **૪૦.** **૧**

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો. [૧૦]**

૧. મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને જુનાગઢથી બોલાવ્યા બાદ પ્રેમથી શું કહ્યું ?

**જ. ''મીઠા વ્હાલા કેમ વીસરું મારું તમથી બાંધેલ તન હો...'' હું તમને કેમ ભુલું હું તો તમારામાં અખંડ રહેલ છું.**

૨. ''ગુ'' એટલે શું ?

**જ. '''ગુ'' એટલે અંધકાર અને અજ્ઞાન**

૩. ઘનશ્યામના બીજા બે નામ આપો/લખો.

**જ. સહજાનંદ સ્વામી, નીલકંઠણીં**

૪. ઘનશ્યામને એકલા જોઈને કાલિદત્તને શું વિચાર આવ્યો ?

**જ. આજે તો ખરો લાગમાં આવ્યો છે ! આજે તો એને પુરો જ કરી નાખું !**

૫. નીલકંઠને બધા માટે શું ઈચ્છા હતી ?

**જ. નીલકંઠને બધાને સુખી કરી શકે તેવી ઈચ્છા હતી.**

૬. જોબનપગી જ્યારે શ્રીજીમહારાજને સભામાં મળવા આવ્યો ત્યારે તેની આંખો લાલ કેમ હતી ?

**જ. જોબનપગી આંખો લાલ હતી કારણ કે તે છેલ્લી ત્રણ રાત્રિથી સૂતો ન હતો ?**

૭. મહારાજે શિક્ષાપત્રી કોના માટે લખી છે ?

**જ. મહારાજે શિક્ષાપત્રી ગૃહસ્થો, બ્રહ્મચારીઓ, સાધુઓ, આચાર્ય, સામાન્ય પુરુષ અને સ્ત્રી, રાજા, દરબારો તમામ માટે લખેલી છે.**

૮. મગનીરામે શ્રીજી મહારાજ પાસે કેટલા રૂપિયા માંગ્યા ?

**જ. મગનીરામે શ્રીજી મહારાજ પાસે દસ હજાર રૂપિયા માંગ્યા.**

૯. મંદિરમાં આગળની સીડી થી ચઢતા કયા બે દેવતાઓની મૂર્તિ હોય છે ?

**જ. મંદિરમાંઆગળની સીડી થી ચઢતા, બે બાજુ બે નાના દેરી હોય છે તેમાં ગણપતિ અને હનુમાનજીની મૂર્તિ હોય છે .**

૧૦. નીલકંઠણીંએ પોતાની વાણીને શું શાપ આપ્યો ?

**જ. ''હવે પછી ક્યારેય મારાથી આવું બોલાઈ જાય તો હે મારી વાણી તું નિષ્ફળ જજો !''**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. આપણે ભગવાનના.....

**જ. આપણે ભગવાનના છીએ પણ માયાના નથી, એમ માનવું.**

૨. કેટલેક રૂપિયે આંખ, કાન,....

**જ. કેટલેક રૂપિયે આંખ, કાન, નાક આદિક ઇંદ્રિયું મળે નહિ તે ભગવાને આપ્યાં છે, પણ જીવ કેવળ કૃતઘ્ની છે.**

૩. આવા સાધુને મનમાં.....

**જ. આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતો સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય એમ મહિમા જાણવો.**

૪. આપણે તો અક્ષરધામમાં.....

**જ. આપણે તો અક્ષરધામમાં જાવું છે એવો એક સંકલ્પ રાખવો.**

૫. નિરંતર સર્વ ક્રિયામાં.....

**જ. નિરંતર સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ......... ભવબન્ધનાત્ ॥

**જ. ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ ।**
**જનો જાનન્નિદં સત્યં મુચ્યતે ભવબન્ધનાત્ ॥**

૨. પુરુષોત્તમ પ્રગટનું ......... સુગમ કરી સીધી...

**જ. પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે; (૨)**
**કાળ કર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે....જય૦**
**આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી; (૨)**
**મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સીધી....જય૦**

૩. ૐ સહ નાવવતુ ......... ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।

**જ. ૐ સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિ નાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥**
**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।**

૪. અક્ષરધામના બાળક ......... સંતોને વ્હાલા બાળ અમે...

**જ. અક્ષરધામના બાળક અમે, અક્ષરધામથી આવ્યા;**

**અક્ષરધામમાં જાશું અમે, અક્ષરને મન ભાવ્યા....ટેક ૦**

**નાના નાના બાળ અમે, સ્વામીને વ્હાલા બાળ અમે;**

**શ્રીજીને વ્હાલા બાળ અમે, સંતોને વ્હાલા બાળ અમે....અક્ષર૦ ૧**

૫. બગડે બેય, ......... ભક્તિમાં નાવે આંચ...

**જ. બગડે બેય, શ્રીજીનું નામ લેય....મારા બંધુ**

**ત્રગડે ત્રણ, શ્રીજીનું લે શરણ....મારા બંધુ**

**ચોગડે ચાર, શ્રીજીને નમસ્કાર....મારા બંધુ**

**પાંચડે પાંચ, ભક્તિમાં નાવે આંચ....મારા બંધુ**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં) [૧૦]**

**૧.** કાલીદત્ત કેવી રીતે મર્યો ?

**૨.** માણસોને (લોકોને) સમાધિમાં શું દેખાય ?

**૩.** રામપ્રતાપભાઈએ ઘનશ્યામને ત્રણેય મંદિરમાં જોયા.